सत्यमेव जयते

દાખલ થયા તારીખ: ૨૨/૦૧/૨૦૨૫
રજી.લીધા તારીખ : ૨૨/૦૧/૨૦૨૫
ફેસલ થયા તારીખ ૨૫/૦૩/૨૦૨૬
સમયગાળો : ૦૧ વર્ષ ૦૨ માસ ૦૩ દિવસ

કોડીનાર ના મે. એડી.ચીફ.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,
મુ.કોડીનાર

<u>ક્રિ.કેસ નં.૧૮૫/૨૦૨૫</u>
આંક:

ફરીયાદી : શ્રી સ ર કા ર
વિરૂધ્ધ
આરોપી : જેસીગ ઉર્ફે જેકે કેશરભાઈ મોરી ઉ.વ.૩૪
રહે.સિંધાંજ હે.નવાપરા તા.કોડીનાર, જીલ્લા :ગીરસોમનાથ .
ગુન્હો:- ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ : ૬૫ અફે. મુજબ..

---

- ફરીયાદપક્ષે વિધ્વાન મદદનીશ સરકારી વકીલ શ્રી.એસ.બી.મલેક

આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી.એન.એમ.જાદવ

---

**<u>// ઠ રા વ //</u>**

૧.. ફરીયાદપક્ષના કેસની ટુકમાં હકીકત એવા પ્રકારની છે કે,ચાર્જશીટ મા બતાવેલ તા.ટા અને જગ્યાએ આ કામના આરોપી વગર પાસ પરમીટે અને ગેરકાયદેસર રીતે પોતાની પાસે પોતાના કબજા ભોગવટાની

વાડી માં દેશી દારૂ બનાવવાનો આથો લીટર–૧૬૦ કિમત રૂા.૪૧૬૦નો રાખી રેડ દરમ્યાન વાડીએ મળી ના આવી ગુન્હો કર્યા  મતલબની ફરીયાદ ફરીયાદી તપાસ કરનાર અમલદાર ધ્વારા પો.સ્ટે.માં  નોધાવતાં, ફરીયાદ આધારે તપાસ કરનાર અમલદારે પુરતી તપાસ કર્યા બાદ,તપાસ કરનાર અમલદાર ધ્વારા આ કામના આરોપી સામે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ : ૬૫ એફ મુજબનો ગુન્હો કર્યા અંગેનુ ચાર્જશીટ અત્રેની અદાલત માં રજુ કરવામાં  આવેલ  છે.

૨.. આરોપીને સમન્સ કરતાં આરોપી નામ.કોર્ટ સમક્ષ હાજર થતાં તેમને પોલીસ પેપર્સની અને ચાર્જશીટની નકલો આપવા માં આવી ત્યારબાદ ગુન્હા સંબંધી આંક:૩ થી આરોપી સામે તહોમતનામુ ઘડી વાંચી સંભળાવી, સમજાવી આંક:૪ હેઠળ  નિવેદન  લેતાં આરોપીએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરતાં ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવાનો  હુકમ કરેલ છે.

૩.. આ કામે ફરીયાદ પક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવે છે.

<u>મૌખિક પુરાવો.</u>

(૧) આંક:૦૬  લલીતભાઈ બાવકુભાઈ ચુડાસમા  –ફરીયાદી

(૨) આંક:૦૮  ગોવીંદભાઈ ટપુભાઈ બાંમણીયા – પંચસાહેદ

(૩) આંક:૧૨  રજાકભાઈ કાસમમીયા બહારૂની–પંચસાહેદ

<u>દસ્તાવેજી પુરાવો.</u>

(૧) આંક: ૦૭  અસલ ફરીયાદ

(૨) આંક :૦૯ પંચનામું

૪.. ફરીયાદ પક્ષ તરફનો પુરાવો પુરો થયેલાનુ જણાતાં આ કામે આરોપીનુ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ની કલમ: ૩૫૧ મુજબનુ વધારાનુ નિવેદન નોધવા મા આવેલ નથી.ત્યારબાદ બંને પંક્ષકારોના વિ. વકીલશ્રીઓની દલીલો સાંભળવામાં આવી.

૫.. ઉપરોકત હકીકતોએ નીચે મુજબના મુદ્દા મારા નિર્ણય માટે ઉપસ્થિત થાય છે.

-:: મુદ્દા ::-

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,ચાર્જશીટ મા બતાવેલ તા.ટા અને જગ્યાએ આ કામના આરોપી વગર પાસ પરમીટે અને ગેરકાયદેસર રીતે પોતાની પાસે પોતાના કબજા ભોગવટાની વાડી માં દેશી દારૂ બનાવવાનો આથો લીટર-૧૬૦ કિમત રૂ.૪૧૬૦નો રાખી રેડ દરમ્યાન વાડીએ મળી ના આવી ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ : ૬૫ એફ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કર્યો છે ?

(૨) શું હુકમ ?

૬.. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

૭.. ઉપરોકત નિર્ણયોના મારા કારણો, અવલોકનો, અને તારણો નીચે મુજબ છે.

## -: કા ર ણો :-

**મુદ્દા નં. ૧:-**

૮.. આ કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આ કામે ફરીયાદ પક્ષે આંક:૦૮ થી પંચસાહેદ :ગોવીંદભાઈ ટપુભાઈ બાભણીયા તથા આંક: ૧૨ થી રજાકભાઈ કાસમભાઈ બાહરૂની ને સોગંદ ઉપર તપાસેલા છે તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં આંક:૦૯ થી પંચનામુ રજુ કરેલ છે. આ પંચ સાહેદ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન કરતા ના હોઈ વિધ્વાન મદદનીશ સરકારી વકીલશ્રીએ ફરી ગયેલા જાહેર કરવા પરવાનગી આપેલ, જેમાં પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી.આમ, આ પંચ સાહેદના પુરાવાથી આંક:૦૯ વાળા પંચનામાની હકીકતો પુરવાર થયેલ નથી. આમ, હાલના પંચસાહેદનો સમગ્ર પુરાવો જોતાં આ પંચસાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતો પુરાવો આપેલ નથી.

૯.. ફરીયાદ પક્ષે ફરીયાદી નામે લલીતભાઈ બાવકુભાઈ ચુડાસમા નાઓ ને આંક :૦૬ થી તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની

જુબાનીમાં પુરાવો આપી આંક:૦૭ ના સમર્થન મા જુબાની આપેલ છે.અને આરોપીને કોર્ટરૂબરૂ ઓળખી બતાવેલ છે.

ત્યારબાદ આરોપી તરફેની કરેલી ઉલટતપાસ માં કેટલીક સરતપાસની હકીકતોને વળગી રહેલ છે અને એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,બનાવ સમયે આરોપી હાજર મળી આવેલ ના હતો, સ્વતંત્ર સાહેદો નો નિવેદન લીધેલ નથી

આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઈ સાહેદ તપાસેલ નથી.

૧૦.. આમ, આ કામે પડેલ ઉપરોકત ફરીયાદ પક્ષના સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનુ મૂલ્યાંકન કરતાં આ કામે તપાસેલ સાહેદ ફરીયાદી એ તેઓની સોગંદ પરની જુબાનીમાં ફરીયાદ ને સમર્થનકારી પુરાવો આપી આંક:૦૭ થી ફરીયાદ રજુ કરેલ છે.પરંતુ,હાલ ના સાહેદ નો પુરાવો જોતાં સદર મુદ્દામાલ જે જગાએ થી મળી આવેલ છે તે જગા આરોપીની માલીકીની હોવાનો કોઈ આધાર પુરાવો આ કામે તેઓએ રજુ કરેલો નથી તેમ જણાવે છે,તેમજ બનાવ સમયે હાજર ની હાજરી મળી આવેલ ના હતી,તેમજ આ કામે સદર મુદ્દામાલ એફ.એસ.એલમાં તપાસણી માટે મોકલી આપેલ હોય તેઅંગેનો રીપોર્ટ રજુ કરવાની જવાબદારી તપાસ કરનાર અમલદારની હોવા છતાં તેઓએ આ કામે કોઈ રીપોર્ટ રજુ કરેલ નથી. તેમજ કોઈ સ્વતંત્ર સાહેદોને પણ તપાસેલ નથી. આમ, ફરીયાદપક્ષ આ કામના આરોપીએ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ : ૬૫ એફ મુજબના ગુન્હાનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ

હોઈ મુદ્દા નં. ૧ અંગેનો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરુ છુ.

**<u>:: આ ખ રી હુ ક મ ::</u>**

૧..આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ની કલમ–૨૭૧ અન્વયે, ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ : ૬૫ એફ મુજબ ના ગુન્હામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨.. આ કામે કબજે કરેલ મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩.. ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ની કલમ–૪૮૧ મુજબ આરોપીએ અપીલ સમય અંગે છ માસ સુધીના જામીન રજુ કરવા હુકમ કરવામાં આવે છે

હુકમ આજ તારીખ:૨૫ મી, માહે : માર્ચ, સને :૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી ,સંભળાવી સહી કરી જાહેર કરવામાં આવ્યો

તારીખ:૨૫/૦૩/૨૬
મુકામ: કોડીનાર

**(પઠાણ સજ્જાદહુસેન સગીરહુસેન)**
એડી.ચીફ જ્યુડી.મેજી.,કોડીનાર
જજ કોડ નં. જીજે ૦૧૨૭૩